અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો ખાતે સી.સી.ટી.વી.(CCTV) કેમેરા લગાવવા માટે રૂ.૧૯,૬૪,૪૬,૦૫૭/- ની પુનઃ સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2825/G
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૧૨/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2825/G તા.૧૫/૦૪/૨૦૨૫

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2825/G તા.૧૮/૦૭/૨૦૨૫

(3) નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્રક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૨૫-૨૬/૧૫૨ તા.૧૨/૦૯/૨૦૨૫

પ્રસ્તાવના:

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તક રાજ્યભરમાં ૭૯ સરકારી છાત્રાલયો અને ૨૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સુરક્ષિત, શિસ્તબદ્ધ અને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવું અત્યંત જરૂરી છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૫ના ઠરાવથી સદર સંસ્થાઓ ખાતે અભ્યાસરત વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સુરક્ષિત ભવિષ્ય આપવા, તેઓના વાલીઓના વિશ્વાસ વધારવા, પૂરાવાની ઉપલબ્ધતા વધારવા માટે તેમજ વહીવટીય સંકલન સુધારવાના ઉમદા હેતુથી આદર્શ નિવાસી શાળા દીઠ અંદાજીત ૨૫ સી.સી.ટી.વી. કેમેરા તેમજ સરકારી છાત્રાલય દીઠ અંદાજીત ૧૫ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટેની નવી બાબત(વર્ષ ૨૦૨૫-૨૬) અન્વયે રૂ રૂ.૧૪,૧૩,૦૦,૦૦૦/- ના ખર્ચઅંદાજોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૫ના

ઠરાવથી સદર સંસ્થાઓ ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટેના રૂ.૧૬,૬૪,૭૯,૭૧૦/- ના ખર્ચઅંદાજોને સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.ત્યારબાદ, વધુ જરૂરીયાત જણાતા વંચાણે લીધેલ ક્રમાંક (૩)પર ના નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૧૨/૦૯/૨૦૨૫ના પત્રથી રૂ.૧૯,૬૪,૪૬,૦૫૭/- ની પુનઃ સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના કુલ ૨૫ આદર્શ નિવાસી શાળાઓ (કુમાર અને કન્યા) ખાતે છાત્રાલયદીઠ ૨૫ સી.સી.ટી.વી. કેમેરા (૨૫*૨૫=૬૨૫) તેમજ કુલ ૭૯ છાત્રાલયો (કુમાર અને કન્યા) માટે છાત્રાલયદીઠ ૧૫ સી.સી.ટી.વી. કેમેરા (૭૯*૧૫ = ૧૧૮૫) એમ કુલ ૧૮૧૦ સી.સી.ટી.વી. કેમેરા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના સુધારેલી વહીવટી મંજૂરીના રૂ. ૧૬,૬૪,૭૯,૭૧૦ના ખર્ચઅંદાજો ઉપરાંત વધારાના રૂ.૨,૯૯,૬૬,૩૪૭/- મળીને, કુલ રૂ.૧૯,૬૪,૪૬,૦૫૭/-ની પુનઃસુધારેલી વહીવટી મંજૂરી, તા.૧૫/૦૪/૨૦૨૫ના ઠરાવની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આથી આપવામાં આવે છે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં - ૯૫, મુખ્ય સદર - ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર - ૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર - ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર - ૦૨ , SCW-25 બધી કક્ષાઓએ વહીવટીતંત્રને સંગીન બનાવવું હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર અગ્રસચિવશ્રી, નાણાવિભાગની તા.૧૦/૧૧/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫